# ઓ એ યુકે ભુખાર હરિફાઈ ના નિયમો

૧ આ હરિફાઈ દસ વર્ષે ઉપરના દરેક માટે ખૂલ્લી છે.

૨ ટેબલ પર ત્રણ ખેલાડીની બે ટીમોના સભ્યો એક પછી એક ગોઠવાશે.

૩ આ રમત બાવન પત્તાની ત્રણ જોડથી રમાશે. રમતમાં જોકર વપરાશે નહિ.

૪ આ છ ખેલાડીઓ પત્તાની પાઈલમાંથી એક એક પત્તો ખેચશે અને જેને હાઇએસ્ટ કાર્ડ આવશે તે ડીલર થશે. જો બે જણ કે વધારે ને એક સરખા કાર્ડ આવશે તો તેમણે ફરીથી પાઈલમાંથી પત્તા ખેચવાના રહેશે,ને તેમાંથી ડીલર ગોતવાનો રહેશે. આ જ્યાં સુધી ડીલર ન ગોતાય ત્યાં સુધી ચાલુ રાખવું (પત્તા પીસનાર)

૫ પત્તા પીસનાર એની જમણી બાજુ ના ખેલાડી થી શરૂકરી , એક પછી એક એમ પ્ત્તા આપી તેર તેર પત્તાની સાત થપ્પીઓ કરશે.પહેલી પત્તા ની થપ્પી પીરસનારની જમણી બાજુ ના પહેલા ખેલાડી ને મળશે. ને બીજી થપ્પી બીજા જમણી બાજુ ના ખેલાડી ને મળશે.આ રીતે છ ખેલાડીને પત્તા આપ્યા બાદ છેલ્લી સાતમી થપ્પી ભુખાર તરીકે રાખવામા આવશે. બાકી વધેલા પ્ત્તા ટેબલ ની વચ્ચે ઊંધા મૂકવામા આવશે.

૬ પીસનાર ટેબલ પરના ઊંધા પત્તામાંથી એક કાર્ડ ખોલી તેની જમણી બાજુ ના ખેલાડીને લેવા સૂચવશે.ખેલાડી ખુલ્લો થયેલો કાર્ડ અથવા ટેબલ પર ઊંધા મૂકાયેલ કાર્ડનો પહેલો પત્તો લઈ રમત શરૂ કરશે. જો તેણે ચતો પત્તો લીધો હોય તો તે પત્તો પાછો ન મૂકી શકે. પણ પાઇલમાંથી પત્તો લીધો હોય તો હાથમાંથી ગમે તે કાર્ડ તેને ટેબલ પર મૂકવો પડે.

૭ આ રમત આગામી ખેલાડી દ્વારા ચાલુ રહે. તો ટેબલ પરના ચત્તા પત્તા ઉપાડી લે ને તેના હાથમાં રહેલા પત્તામાંથી એક કાર્ડ ખુલ્લો ટેબલ પર મૂકે. પણ જો તેણે ટેબલ પરના ખુલ્લા પત્તાનો ઉપલો કાર્ડ ઉપાડયો હોય તો તે તેજ કાર્ડ પાછો ટેબલ પર મૂકી ન શકે અથવા_ટેબલ પર ઊંધા

મૂકેલા પત્તાનો ઉપલો કાર્ડ ઉપાડયો હોય તો તે પોતાના હાથમાં રહેલા કાર્ડમાંથી એક કાર્ડ ટેબલ પર મૂકી શકે. આમ રમત ચાલુ રહે.

૮ આ રમત ખૂબજ શાંતિથી રમવાની હોય છે. ખેલાડી ઓ પોતાના ભેરુ સાથે વાતચીત ન કરી શકે.ખેલાડીઓ ઇશારા દ્વારા (સજેશન કરે કે નીચે મૂકાયેલ કાર્ડ બીજે મૂકાવો જોઇએ અથવા ખેલાડીએ નીચે મૂકેલા કાર્ડ લેવાને બદલે ઉપરથી જ્વુ જોઇએ) સૂચનો કરશે તો તેમને આયોજકો તરફથી ૫૦ પોઇન્ટ નો દંડ થશે.

૯ રુલ નંબર ૧૩ પ્રમાણે ગમે તે ખેલાડી તેના ક્રમ પ્રમાણે ટેબલ પર લાઇસન્સ મૂકી શકે. આ લાઇસન્સ બધાંજ ખેલાડીઓ જોઇ શકે તેમ ટેબલ પર ખુલ્લુ મૂકવામાં આવે.

એક વખત લાઇસન્સ મૂકાઇ જાય પછી તે ટીમના બીજા ભેરુઓ પોતાના ક્રમ પ્રમાણે હાથમાં રહેલા પત્તા ગમે તે સંખ્યામાં ટેબલ પર મૂકી શકે. ટીમના ભેરુ નવી ત્રણ પત્તાની સીકવન્સ અથવા ત્રણ પત્તાના સેટ ટેબલ પ ર મૂકી શકે. ચાલુ રહેલા સરખી કિંમતનો સેટ પૂરો ન થાય ત્યાં સુધી નવો સેટ કરી ન શકાય પણ ડુપ્લીકેટ સીકવન્સ મૂકી શકાય. જયારે સાત પત્તાની સીકવન્સ પૂરી થાય ત્યારે તે બધા કાર્ડ બંધ કરી દેવામાં આવે અને તેની ગણતરી ૧૩ નમ્બર ના રુલ પ્રમાણે તે ટીમની તરફેણમાં થશે.

૧૦ દરેક રમત ૩૦ થી ૩૫ મિનિટ આયોજકો ની મરજી પ્રમાણે રમવાની રહેશે

રમત નો હેતુ: રમત બંધ કરવા તમારી ટીમે સૌથી વધુ પોઇન્ટ મેળવ્યા હોવા જોઇો. ગમે તે ટીમ રમત બંધ કરી શકે. નીચે નંબર ૧૬ નો રુલ રમત બંધ કરવા જુઓ

૧૧ દરેક ટેબલ પર એકજ રમત રમવાની રહેશે. દરેક રમતના અંતે ટીમ આયોજકોના બતવ્યા પ્રમાણે બીજા ટેબલ પર જશે.

૧૨ પત્તાના પોઇન્ટ :

૧ દુગી થી સત્તા સુધીના દરેકના પાંચ પોઈન્ટ ગણવામાં આવશે.

૨ અઠ્ઠા થી એકા સુધીના દરેકના દસ પોઇન્ટ ગણવામાં આવશે.

૧૩ રમતના પોઇન્ટ દરેક ટીમને નીચે જણાવ્યા મુજબ આપવામાં આવશે.

૧. સાત પત્તાની એક જ રંગની સીકવન્સના ૩૦૦ પોઇન્ટ
દા.ત. કાળી નો તીગો, ચોગો, પંજો,છકકો,સતો,અઠ્ઠો ને નવો

૨. સાત કાર્ડનો સરખી કિંમતનો સેટ. અઠ્ઠા થી એકા સુધીના ૨૦૦ પોઇન્ટ. દા.ત. એક નવો ફુલ્લી નો, એક નવો ચોકડીનો,એક નવો લાલનો,એક નવો કાળીનો, પાછો કાળીનો નવો, પાછો કાળીનો નવો, અને એક લાલનો નવો. ટોટલ સાત નવા થાય. આમ અઠ્ઠાથી એકા સુધી કરાય.

૩. આજ પ્રમાણે સાત કાર્ડનો સરખી કિંમતનો સેટ, દુગ્ગાથી સત્તા સુધીના ૧૦૦ પોઇન્ટ ગણાય . દા.ત. ચોગ્ગો ફુલ્લી નો, તેના પર ચોકડીનો ચોગ્ગો,પછી લાલનો એમ ટોટલ ૭ ચોગ્ગા થવા જોઇએ.

૪. જે ટીમ નો સભ્ય ૧૦૦ પોઇન્ટનો લાઇસન્સ ખુલ્લો મૂકે તે ટીમને ૫૦ પોઇન્ટ મળે.

<u>લાઇસન્સ નીચે પ્રમાણે બની શકે</u>

સાત કાર્ડ ની એક સીકવન્સ બધા પત્તા એકજ કલરના હોય. દા.ત. દુગ્ગો,તીગો,ચોકો,પંજો,છકકો,સત્તો, ને અઠ્ઠો.

અથવા : સરખી કિંમતના સાત કાર્ડનો સેટ + ત્રણ પત્તાની એક કલરની સીકવન્સ

અથવાઃ ગમે તેટલી સીકવન્સ, ગમે તેટલા સેટ પણ દરેકમાં ત્રણ કાર્ડ હોવાજ જોઇએ. ને પોઇન્ટ નો સરવાળો ૧૦૦ પોઇન્ટ અથવા ૧૦૦ થી વધારે ચાલે.

૫. જે ટીમ ના સભ્યો ભુખાર લેશે તેને ૫૦ પોઇન્ટ આપવાના.

૬. જે ટીમના સભ્યો ભુખારની રમત પૂરી કરશે તેને ૫૦ પોઇન્ટ આપવાના.

૧૪ એક ખેલાડી તેના હાથના બધાજ પત્તા, બાજુના ખેલાડીને પાસ કર્યા વિના ટેબલ પર લાઇસન્સ તરીકે મૂકે, તો તેને ત્યારેજ ભુખાર મળી શકે.

૧૫ ખેલાડી તેના વારા પ્રમાણે બીજા બધા ખેલાડીને તેમના હાથમાં કેટલા કાર્ડ છે તે પૂછવાનો હક ધરાવે છે. પણ બીજો કોઇ ખેલાડી પોતાના વારા વગર કોઇને તેના હાથમાં કેટલા પત્તા છે? તેમ પૂછે તો તેમને ૫૦ પોઇન્ટ નો દંડ થશે.

૧૬ રમત ત્રણ રીતે પૂરી થશે

૧ જ્યારે ખેલાડી તેના હાથમાં રહેલો છેલ્લો પત્તો ઊંધો કરીને ટેબલ પર મૂકે ; અને ગેમ પૂરી થઇ તેમ સૂચવે.

અથવા તે તેના હાથનો છેલ્લો પત્તો પોતાની ટીમના સીકવન્સ કે સેટ પર જોઇન્ટ કરી દે ને તેના હાથમાં પત્તો પાસ કરવાનો નારહે.

*ખેલાડી છેલ્લો પત્તો ટેબલ પર ચત્તો મૂકીને રમત ચાલુ રાખી શકે

*જો કોઇપણ ટીમ ને ભુખાર મળ્યો ન હોય તો ખેલાડી રમત બંધ કરી ન શકે

૨ જ્યારે ટેબલ પર ઊંધા પત્તા ની થપ્પી પૂરી થઇ ગઈ છે

૩ આયોજકો સમય પૂરો થયો તેમ જણાવે, કે તરત રમત બંધ કરવામા આવે અને ખેલાડીઓ તેમના હાથના પત્તા ટેબલ પર મૂકી ન શકે.

૧૭ નીચે પ્રમાણે દંડ ભરવાનો રહેશે.

૧. જો ખેલાડી અયોગ્ય લાઇસન્સ બતાવે તો તેને બધા પત્તા પાછા હાથમાં લેવાના રહેશે. ને રમત દરમિયાન તે ખેલાડી લાઇસન્સ મૂકી

નહિ શકે. તેની  વિરુધ્ધ ટીમને આયોજકો તરફથી ૧૦૦ પોઇન્ટ આપવામાં આવશે અને રમત તેની રીતે ચાલુ રહેશે.

૨. જો ખેલાડી સીકવન્સ અથવા સેટમાં ખોટા પત્તા મૂકે તો એ સીકવન્સ  અને સેટ નકામા ગણાશે ને બંધ થયેલા કહેવાશે, નકામા પત્તા ખેલાડી પાછા પોતાના હાથમાં લઇ લેવા પડશે ને તે ખેલાડી ફરી પોતાનો વારો આવે ત્યાં સુધી કાર્ડ ખુલ્લા ન કરી શકે. નકામા ગણાયેલા કાર્ડ રમતની અંતમાં ગણાશે નહિ.

૩. ખેલાડી  પોતાના વારા વગર કોઈને પણ તેના હાથમાં કેટલા પત્તા છે તેમ પૂછે તો  તેને ૫૦ પોઇન્ટ નો દંડ થશે.

૪. કોઇપણ ખેલાડી તેની ટીમ ના સ્ભ્યને સૂચવે કે જણાવે કે જે પત્તો નીચે મૂકવામા આવ્યો છે તે બીજે મૂકાવો જોઇએ અથવા ખેલાડી ઉપર થી જાય ને નીચે પડેલ કાર્ડમાંથી ન ઉપાડે તો તે ટીમ ને ૫૦ પોઇન્ટનો દંડ થશે.

૫ ટીમના સભ્યો અયોગ્ય પધ્ધતિ અપનાવશે તો આયજકો દ્વારા ૧૦૦ પોઇન્ટનો દંડ થશે.

૬. કોઇપણ ખેલાડી છેતરપીંડી કરતા ઝાડપાઈ જશે તો તેમણે તરત ટુર્નામેન્ટ છોડવી પડશે.

જયારે પેનલ્ટી દંડ થાય ત્યારે જ તે લેવાની. પછીથી કોઇપણ ખેલાડી દાવો કરી તે લઇ શકશે નહિ. અને વિરુધ્ધ પક્ષે તેના માટે દાવો કરવાનો રહેશે.આયોજકોની ટીમ ના સભ્યને બોલાવી તે તેનો અંતિમ નિર્ણય જણાવશે.

૧૮ માસ્ટર ને બોનસ પોઇન્ટ નીચે પ્રમાણે આપવામા આવશે

૧. રમત બંધ થતા દરેક ખેલાડીના હાથમાં રહેલા પત્તાના પોઇન્ટ નેગેટીવ

પોઇન્ટ ગણાશે

૨ ખુલ્લા કાર્ડના પોઇન્ટ પઝીટીવ ગણાશે.

૩ બન્ને પક્ષના ટોટલ પોઇન્ટ ગણીને નોંધવામા આવશે.

૪ટોટલ પોઇન્ટ, ૫૦ પોઇન્ટ લાઇસન્સ નીચે મૂકવાના,૫૦ પોઇન્ટ ભુખારના ને ૫૦ પોઇન્ટ રમત બંધ કરવાના ગણાશે. સૌથી વધારે પોઇન્ટ મેળવનાર વિજેતા ગણાશે. તેને બે માસ્ટર પોઇન્ટ આપવામા આવશે. હારનારને ઝીરો માસ્ટર પોઇન્ટ મળશે

૧૯. બંને ટીમના સરખા પોઇન્ટ થાય તો બંને ટીમ ને ૧ ૧ માસ્ટર પોઇન્ટ આપવામા આવશે.માસ્ટર પોઇન્ટ ઉપરાંત, જે ટીમે લાઇસન્સ મૂકયુ હશે તેને એક બોનસ પોઇન્ટ મળશે.ભુખાર લેનાર તથા રમત બંધ કરનાર ને પણ ૧ બોનસ પોઇન્ટ મળશે

૧. સૌથી વધારે માસ્ટર પોઇન્ટ મેળવનાર ટીમ વિજેતા ગણાશે ત્યારબાદ પહેલી રનરઅપ ટીમને સેકન્ડમોસ્ટ માસ્ટર પોઇન્ટ મળ્યા હશે
૨. બીજી રનરઅપ ટીમ ત્રીજા નંબરના માસ્ટર પોઇન્ટ પર ગણાશે. જો બંને ટીમના માસ્ટર પોઇન્ટ સરખા હશે તો મેળવેલા બોનસ પોઇન્ટ નો ઉપયોગ કરી સૌથી વધારે બોનસ પોઇન્ટ મેળવનાર ટીમ વિજેતા ગણાશે.

   તેમજ બોનસ પોઇન્ટ બે ટીમના સરખા હશે, તો રમત દરમિયાન ગણાયેલ હાઇએસ્ટ પોઇન્ટ મેળવનાર ટીમ વિજેતા ગણાશે.

   આમ છતા બંને ટીમના પોઇન્ટ સરખા હશે તો બંને ટીમ વિજેતા ગણાશે

   આજપ્રમાણે રનરઅપ ટીમ ને સેકન્ડ રનરઅપ ટીમ ચુંટાશે

૨૦ આયોજકો નો નિર્ણય અંતિમ ગણાશે.